**આંક – ૧ નીચે હુકમ**

(૧) હાલની ફરીયાદ ખાનગી ફરીયાદ તરીકે જાહેર સેવકના દરજ્જે સરકાર વતી દાખલ કરવામાં આવેલ છે. જે ફરીયાદ દાખલ થતાં ઈન્કવાયરી રજીસ્ટરે લઈ ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા–૨૦૨૩ની કલમ ૨૨૩ અન્વયે જરૂરી નોટીસ આ કામના સામાવાળા/તહોમતદારને કરવાનો હુકમ થતાં આરોપી સામે કાઢવામાં આવેલ નોટીસ બજી જતાં સામાવાળા/તહોમતદાર તેમના વકીલશ્રી સાથે/મારફતે કોર્ટ રૂબરૂ આ કામે હાજર થયેલ નથી.

(૨) સામાવાળા/આરોપી કોર્ટ સમક્ષ હાજર થઈ તે ઉપરાંત હાલની ફરીયાદ સામે કોઈ વાંધા/જવાબ રજુ રાખવા હોય તો તે માટે જરૂરી તક તેઓને આપવામાં આવેલ હોય તેવુ રેકર્ડ જોતાં સ્પષ્ટપણે જણાય આવે છે. પરંતુ આરોપી ધ્વારા આજદીન સુધી કોઈ વાંધા કે જવાબ રજુ રાખવામાં આવેલ નથી કે તે માટે લેખિતમાં કોઈ રજુઆત કરવામાં આવેલ નથી. તેમજ આજરોજ પણ આરોપી જાતે કે તેમના વતી કોઈ હાજર નથી કે કોઈ જાતની રજુઆત કે રીપોર્ટ નથી.

(૩) ત્યારબાદ આ કામે આજરોજ ફરીયાદપક્ષ તરફે હાજર વિ.એ.પી.પી.શ્રીની મૌખિક દલીલો સાંભળી, રજુઆત સંદર્ભે રેકર્ડ જોવામાં આવે તો ફરીયાદ હકીકત મુજબ ફરીયાદીએ બનાવ સ્થળની તપાસ જે દીવસે કરેલ તે દીવસે આરોપી/સામાવાળા ધ્વારા તેમના કારખાનામાં **બાળ અને તરૂણ શ્રમયોગી(પ્રતિબંધ અને નિયમન) અધિનિયમ–૧૯૮૬ની કલમ ૧૨, કલમ ૧૧ પેટા નિયમ ૪(૧), કલમ–૭(૨), કલમ–૭(૩) નો ભંગ** આ કામના આરોપી/સામાવાળાએ કરેલ છે, તે મતલબની ફરીયાદના સમર્થનમાં ફરીયાદી ધ્વારા **તા.૨૯/૦૮/૨૦૨૫** નારોજ નિયમ મુજબ જરૂરી નોટીસ પાઠવવામાં આવેલી. જે નોટીસનો જવાબ સામાવાળાએ આપેલ હોય તો તેવી હકીકત પણ આરોપી/સામાવાળા ધ્વારા આ કામે રેકર્ડે લાવવામાં આવેલ નથી. તે સિવાય તેમના કારખાનામાં બનાવના દીવસે નિયમ મુજબ **બાળ અને તરૂણ શ્રમયોગી(પ્રતિબંધ અને નિયમન) અધિનિયમ–૧૯૮૬ની કલમ ૧૨, કલમ ૧૧ પેટા નિયમ ૪(૧), કલમ–૭(૨),**

**કલમ–૭(૩) નો ભંગ નથી તેવો** કોઈ પુરાવો આ કામે રેકર્ડે રજુ રાખવામાં આવેલ નથી. ત્યારે ઉપરોકત સંજોગોમાં આ કામે જાહેર સેવકના દરજ્જે ફરીયાદીએ રજુ રાખેલ ફરીયાદ તેમજ ફરીયાદ સાથે સામેલ દસ્તાવેજી આધારો ધ્યાને લેતાં પ્રથમ દર્શનીય રીતે ફરીયાદમાં તથ્ય હોવાનુ જણાય આવે છે. જેથી ઉપરોકત કારણોસર ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

(૧) હાલની ફરીયાદને ફોજદારી કેસ રજીસ્ટરે નોંધવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) સદર ફરીયાદ ફોજદારી રજીસ્ટરે લીધા બાદ આ કામના આરોપી/સામાવાળા વિરુધ્ધ ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા–૨૦૨૩ ની કલમ ૨૨૭ અન્વયે ફરીયાદમાં દર્શાવેલ ગુના સબબ જરૂરી **સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં** આવે છે.

(૩) ઉપરોકત હુકમ મુજબ હાલની ઈન્કવાયરી ફેસલ કરવામાં આવે છે.

આજરોજ ખુલ્લી અદાલતમાં હુકમ જાહેર કરવામાં આવેલ છે.

સ્થળ : ભાવનગર
તારીખ : ૧૦/૦૭/૨૦૨૬

(ડી.બી.તિવારી)
એડી.ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ,
શ્રમ અદાલત નં.–૧, ભાવનગર
(જીજે–૦૧૧૦૯)

એ.એમ.કટુડીયા
(ગુજરાતી સ્ટેનોગ્રાફર)